# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ００૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/358 Dt. 09/03/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સોશિયલ મિડિયાના ઓવરયૂઝને સમજવા ચેમ્બર દ્વારા સેશન યોજાયું

## સુરત ઉદ્યોગોની નગરી છે, જો વ્યકિત સોશિયલ મિડિયાની પાછળ પસાર કરતા સમયનો યોગ્ય ઉપયોગ કરે તો સારો બિઝનેસ ઉભો કરી શકે છે : શ્રી અજય તોમર

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ડિકોર્ડિંગ ટુડેઝ યુથ – હાઉ ટુ હેન્ડલ સોશિયલ મિડિયા ઓવરવ્યૂ' વિષય પર એક માહિતીપ્રદ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી અજય તોમર (અદાણી ગૃપના જોઈન્ટ પ્રેસિડેન્ટ અને ગૃપ હેડ – કેડર એકસલન્સ એન્ડ લિડરશિપ ડેવલપમેન્ટ તેમજ ગુજરાત કેડરના નિવૃત્ત ડાયરેકટર જનરલ ઓફ પોલીસ (આઇપીએસ – ૧૯૮૯)એ યુવાનોમાં સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા યુવાનોના જીવનનો મહત્વનો ભાગ બની ગયું છે. યુવાનોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, આથી તેના યોગ્ય તથા સંતુલિત ઉપયોગ અંગે જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રૂપિન પચ્ચીગરે પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મ આજે જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે, પરંતુ તેની સાથે જોડાયેલા પડકારોને સમજવું અને યોગ્ય માર્ગદર્શન મેળવવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

શ્રી અજય તોમરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩માં એક રિસર્ચ પ્રમાણે વ્યકિત દરરોજ સરેરાશ અઢી કલાક મોબાઇલફોન પર સોશિયલ મિડિયામાં સમય પસાર કરતો હતો. ટિનેજર અને વિદ્યાર્થીઓ માટે આ આંકડો ચોંકાવનારો છે, તેઓ દરરોજ સરેરાશ સાતથી આઠ કલાક સોશિયલ મિડિયામાં પસાર કરતા હતા. આ રિપોર્ટ વર્ષ ૨૦૨૩માં આવ્યો હતો, ત્યારબાદ દર વર્ષે તેમાં વધારો જ થયો છે. આ બાબતને ધ્યાને લઇએ તો એક વ્યકિત જીવનમાં સરેરાશ સાત વર્ષ સોશિયલ મિડિયામાં પસાર કરી દે છે. જો વ્યકિત ૮૦ વર્ષના થાય તો આઠ કલાક, ૯૦ વર્ષના થાય તો ૯ કલાક અને ૧૦૦ વર્ષની વ્યકિત સરેરાશ જીવનના ૧૦ વર્ષ મોબાઇલફોન પર સોશિયલ મિડિયામાં સમય પસાર કરી દેશે. સુરત ઉદ્યોગોની નગરી છે ત્યારે વ્યકિત આ વર્ષોનો યોગ્ય ઉપયોગ કરે તો સારો બિઝનેસ ઉભો કરી શકે તેમ છે.

તેમણે જણાવ્યું હતું કે, સોશિયલ મિડિયા યુવાનો માટે માહિતી, શીખવાની તક અને વૈશ્વિક જોડાણનું મહત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે. કનેકિટવિટીના શક્તિશાળી સાધન તરીકે સોશિયલ મિડિયા ઉભરી આવ્યું છે, પરંતુ તેનો અતિરેક વ્યક્તિના વર્તન, ધ્યાન અને જીવનશૈલી પર નકારાત્મક અસર પણ કરી શકે છે, આથી તેમણે યુવાનોને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરતી વખતે સમયની મર્યાદા નક્કી કરવા, ડિજિટલ ડિટોક્સ અપનાવવા અને વાસ્તવિક જીવનમાં વધુ સક્રિય રહેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

શ્રી તોમરે સોશિયલ મિડિયાના ઉપયોગ બાબતે માતા–પિતા અને શિક્ષકોની ભૂમિકા પણ મહત્વપૂર્ણ હોવાનું જણાવી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે કહ્યું હતું કે, પરિવાર અને શૈક્ષણિક સંસ્થાઓએ પણ યુવાનોને યોગ્ય માર્ગદર્શન આપીને તેમની ઊર્જા અને સમયને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ દોરવું પડશે. યુવાનોને સમયનું યોગ્ય સંચાલન શીખવવું આજના સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગઇ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા, પૂર્વ પ્રમુખો શ્રી મહેન્દ્ર કાજીવાલા અને શ્રી પ્રફુલ શાહ, ગૃપ ચેરમેન શ્રી ગિરધરગોપાલ મુંદડા, શ્રી મહેશ પમનાણી, વ્યવસાયિકો, નાગરિકો અને યુવાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિશ મોદીએ મુખ્ય વકતા શ્રી અજય તોમરનો પરિચય કરાવ્યો હતો. ચેમ્બરની ડિજિટલ માર્કેટિંગ કમિટીના કો–ચેરમેન શ્રી મંથન મદ્રાસીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ડિજિટલ માર્કેટીંગ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી વનિતા રાવતે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.